સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
ભોલાવ શાખા : સામ્રાજ્ય કોમ્પલેક્ષ, જલાલેશ્વર મંદિર પાસે, ઝાડેશ્વર રોડ, ભોલાવ, જિ. ભરૂચ-૩૯૨૦૦૧.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, ભોલાવ શાખાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૧.૦૨.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી દેવેન્દ્રસિંહ અમરસિંહ ઘરીયા (કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૮,૬૨,૩૬૧/- (રૂા. આઠ લાખ બાસઠ હજાર ત્રણસો એકસઠ પુરા)** (તા. ૨૧.૦૨.૨૦૨૬ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૨.૨૦૨૬ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ ૧૩(૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૯.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૮,૬૨,૩૬૧/- (રૂા. આઠ લાખ બાસઠ હજાર ત્રણસો એકસઠ પુરા)** (તા. ૨૧.૦૨.૨૦૨૬ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૨.૨૦૨૬ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી દેવેન્દ્રસિંહ અમરસિંહ ઘરીયા ની માલિકની મિલકત જે ફ્લેટ નં. બી-૨૦૪, બીજો માળ, બી વિંગ, સંસ્કૃત કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ., રહેણાંક પ્લોટ પર બાંધવામાં આવેલ પ્લોટ નં. એચ-૩૧૦૮, એલ.બી. આર.એસ. નં. ૨૭૬/પી, મોજે-ભડકોદરા, તાલુકા-અંકલેશ્વર, જિ. ભરૂચ ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● **ઉત્તરે** : ફ્લેટ નં. બી-૨૦૫ ● **દક્ષિણે** : ફ્લેટ નં. બી-૨૦૩
● **પુર્વે** : ફ્લેટ નં. બી-૨૦૧ ● **પશ્ચિમે** : સોસાયટી કમ્પાઉન્ડ

તારીખ : ૦૯.૦૬.૨૦૨૬ સહી/- **અધિકૃત અધિકારી,**
સ્થળ : ભરૂચ **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અહુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રાજપીપળા શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૨) અને ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૬.૦૬.૨૦૨૫**ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રીમતી સહીનાબાનું મોહમ્મદ સાદીક પટેલ (કરજદાર), શ્રી મોહમ્મદસાદીક ઈકબાલભાઈ પટેલ (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૮,૧૩,૧૩૪/- (રૂા. આઠ લાખ તેર હજાર એકસો ચોત્રીસ પુરા)** (તા. ૨૬.૦૬.૨૦૨૫ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૬.૦૬.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૯.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રાજપીપળા શાખાના** બાકી લેણા **રૂા. ૮,૧૩,૧૩૪/- (રૂા. આઠ લાખ તેર હજાર એકસો ચોત્રીસ પુરા)** (તા. ૨૬.૦૬.૨૦૨૫ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૬.૦૬.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ ના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી સહીનાબાનું મોહમ્મદસાદીક પટેલની માલિકની મિલકત જેનો પ્લોટ નં. ૧૬, જે સ્થિત આરઝુ રેસીડેન્સીમાં બાંધવામાં આવેલ એલ.બી.આર. એસ નં. ૨૩૮/પી રપી, ક્ષેત્રફળ ૪૭.૮૧ સ્કે. મીટર પ્લોટેડ એરીયા અને અવિભાજીત સરખા ભાગની જમીન અને જમીનનો સીઓપીનો ક્ષેત્રફળ ૨૬.૭૭ સ્કે. મીટર અને બાંધકામ સાથે, જેનો મ્યુનિસિપલ રાજપીપળા નગરપાલિકાની હદમાં, તાલુકા-નાંદોડ, જિ. નર્મદા ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● **પુર્વે** : પ્લોટ નં. ૯ ● **પશ્ચિમે** : ૬મીટર પહોળો રસ્તો
● **ઉત્તરે**: પ્લોટ નં. ૧૫ ● **દક્ષિણે** : પ્લોટ નં. ૧૭

તારીખ : ૦૯.૦૬.૨૦૨૬ સહી/- **અધિકૃત અધિકારી,**
સ્થળ : નર્મદા **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
અડાજણ શાખા : ગુજરાત ગેસ સર્કલ, અડાજણ, સુરત.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અડાજણ શાખા, સુરત** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૧૯.૦૨.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર/જામીનદાર **શ્રી શિવલાલ ભગુજી કુમાવત (કરજદાર), શ્રીમતી રેખાબેન શિવલાલ કુમાવત (સહ-કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૧,૨૩,૦૫૬.૬૭/- (રૂા. અગિયાર લાખ તેવીસ હજાર છપ્પન અને સડસઠ પૈસા પુરા)** ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૬.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અડાજણ શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૧,૨૩,૦૫૬.૬૭/- (રૂા. અગિયાર લાખ તેવીસ હજાર છપ્પન અને સડસઠ પૈસા પુરા)** તા. ૧૯.૦૨.૨૦૨૬ના રોજ થી ચડત વ્યાજ, અન્ય ખર્ચા, ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે. (કલમ ૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રીમતી રેખાબેન શિવલાલ કુમાવત અને શ્રી શિવલાલ ભગુજી કુમાવતની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૧૩૬, ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે. મીટર યાને કે પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. એ/૧૩૬, ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ અને સી.ઓ.પી.નો ક્ષેત્રફળ ૨૬.૭૫ સ્કે મીટર, "કૃષ્ણાકુંજ રેસીડેન્સી" જે જમીનના તમામ હક્ક અને હિસ્સા વાળી મિલકત, જુનો બ્લોક નં. ૬, નવું રિવાઈઝ્ડ બ્લોક નં. ૭/૨, જે સ્થિત ગામ-નેત્રંગ, તાલુકા-કામરેજ, સુરત ખાતે આવેલ મિલકત.

ચતુરસીમા : ● **ઉત્તરે** : પ્લોટ નં. ૧૩૭ ● **દક્ષિણે**: પ્લોટ નં. ૧૩૬
● **પુર્વે** : ઈન્ટરનલ રોડ ● **પશ્ચિમે**: પ્લોટ નં. ૧૧૫

તારીખ : ૦૬.૦૬.૨૦૨૬ સહી/- **અધિકૃત અધિકારી,**
સ્થળ : સુરત **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

बैंक ऑफ़ बड़ौदा / Bank of Baroda
સુવાલી શાખા : ગ્રામ પંચાયત, જુના ગામ પાસે, પો.સુવાલી, તા.: ચોર્યાસી, જી.સુરત-૩૯૫૪૧૦
Email : vjsuva@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, ૧. શ્રી પંકજકુમાર શર્મા (દેવાદાર અને ગીરવેદાર), ૨. શ્રીમતી મમતાદેવી (સહદેવાદાર અને ગીરવેદાર)
અ) ફ્લેટ નં.૧૧૯, રાજ કોમ્પલેક્ષ, ચલથાણ, તા.પલસાણા, સુરત-૩૯૪૩૦૫.
બ) પ્લોટ નં. ૪૫૮, આરાધના ગ્રીન લેન્ડ, જોળવા, પલસાણા, સુરત – ૩૯૪૩૧૫.

મહેરબાનશ્રી,

વિષય : અમારી સુવાલી શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા અંગે

અમારા **તા.૨૯.૦૧.૨૦૧૯** ના રોજના પત્ર ક્રમાંક : **Ref. BMDP:Suv:VG:058:18-19** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારું ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	૩૧.૦૫.૨૦૨૬ ના રોજ ની બાકી લેણાં	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ૮૪૭૯૦ ૬૦૦૦૦ ૦૧૨૦	રૂા. ૧૭.૦૦ લાખ	૧૧.૪૦% + ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા.૧૪,૯૬,૬૯૬.૫૦ મુળ રકમ + રૂા. ૧૬૦૮૭.૬૯ લાગુ નહી કરેલ વ્યાજ + રૂા. ૯૨,૦૯૦.૩૩ અનર્સવિસ્ડ વ્યાજ + રૂા.૬૪૪.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા. ૧૬,૦૫,૫૦૮.૫૨ + વ્યાજ + તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ 'આરાધના ગ્રીન લેન્ડ' નો પ્લોટ નં.૪૫૮, જોળવા, પલસાણા, જી.સુરત ખાતે ઈન્ટ્મેન્ટ ડિપોઝીટ ટાઈટલ ડિડ તા. ૩૧.૦૧.૨૦૧૯ માં નોંધ નં.૧૭૪૫ સબ રજીસ્ટ્રાર પલસાણા, જી.સુરત માં થયેલ છે.
કુલ	રૂા. ૧૭.૦૦ લાખ		રૂા. ૧૬,૦૫,૫૦૮.૫૨ + વ્યાજ + તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'આરાધના ગ્રીન લેન્ડ' નો પ્લોટ નં.૪૫૮, એરિયા માપ ૮૦.૦૦ ચો.વાર એટલે કે માપ ૬૨.૪૫ ચો.મી., (કેજેપી મુજબ બ્લોક નં. ૨૪૭/૪૫૮ માપ ૬૬.૮૮ ચો.મીટર) ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા માપ ૩૪.૭૨ ચો.મી કોમન રોડ અને સીઓપી, જે જમીન બ્લોક નં.૨૪૭, મોજે ગામ જોળવા, તા : પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૪૫૭, **ઉત્તર તરફ** : સોસાયટીનો રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૪૫૯ .

૨. **તા.૨૯.૦૧.૨૦૧૯** ના રોજ ના લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની રકમ **રૂા.૧૭.૦૦ લાખ** ની જવાબદારી સ્વીકારી છે. ઉપરોકત બાકી રકમ ઉપાડ અને વ્યાજ સહિત ચુકવણી છે.

૩. તમે જાણો છો કે તમે **જૂન-૨૦૨૬** માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૨૮.૦૨.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદ્દતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે.

૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૨૯.૦૫.૨૦૨૬** ના રોજ નોન-પરફોર્મીગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ ચુકવ્યા નથી.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૧૬,૦૫,૫૦૮.૫૨ (રૂા.સોળ લાખ પાંચ હજાર પાંચસો આઠ અને બાવન પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે.

૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.

૭. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૮. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.**

૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૩.૦૬.૨૦૨૬ | સ્થળ: સુરત **અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા, સુવાલી શાખા.**

અનુસંધાન... પાના પહેલાનું

સામસામા હુમલા...

મિસાઈલો હવામાં જ તોડી પાડી. બહેરીનમાં મિસાઈલના કાટમાળથી એક ૧૧ વર્ષની બાળકી ઘાયલ થઈ અને ઘરોને નુકસાન થયું. કુવેતે સુરક્ષાના ભાગરૂપે પોતાની એરસ્પેસ બંધ કરવી પડી.

૨૦ ટકાથી...

પેટ્રોલના ચાર નવા વેરિઅન્ટ્સ- E22, E25, E27 અને E30 નો સમાવેશ થશે. આ પ્રથમ વખત છે જ્યારે સરકારે E20 થી ઉપરના બ્લેન્ડ્સ માટે આટલા મોટા આર્થિક સપોર્ટ કે નાણાકીય પ્રોત્સાહનની જાહેરાત કરી છે. પેટ્રોલ પર પહેલેથી જ એક્સાઈઝ ડ્યુટી (ઉત્પાદન શુલ્ક) ચૂકવી દેવામાં આવી હોવાથી અને બ્લેન્ડિંગ (મિશ્રણ) માટે વપરાતા ઈથેનોલ પર GST ચૂકવી દેવામાં આવ્યો હોવાથી તેના મિશ્રણને એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે ૨૦ ટકા સુધીના ઈથેનોલ મિશ્રણ માટે, નાણા મંત્રાલય દ્વારા મિશ્રિત પેટ્રોલ પરની આબકારી જકાતમાંથી મુક્તિ આપવામાં આવી હતી. આ મુક્તિ એ સુનિશ્ચિત કરે છે કે જે જકાત પહેલેથી જ ચૂકવી દેવામાં આવી છે, તે મિશ્રણ પર બીજી વખત વસૂલવામાં ન આવે.

જલવીર પર...

યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ ગિની-બિસાઉનો ધ્વજ ધરાવતા એમ/ટી જલવીર (M/T Jalveer) સામે કાર્યવાહી કરી હતી, કારણ કે તે ઓમાનના અખાતમાંથી ઈરાનથી તેલનું પરિવહન કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અમેરિકી દળોના નિર્દેશોનું પાલન કરવામાં ક્રૂ વારંવાર નિષ્ફળ ગયા પછી, અમેરિકી વિમાન દ્વારા જહાજના એન્જિન રૂમમાં બે હેલફાયર મિસાઇલો છોડવામાં આવી હતી. તેમની પોસ્ટ અનુસાર, ૧૩ એપ્રિલના રોજ નાકાબંધી શરૂ કર્યા પછી, યુએસ સેન્ટ્રલ કમાન્ડે આદેશોનું પાલન ન કરનારા નવ જહાજોને નિષ્ક્રિય કર્યા છે, આદેશોનું પાલન કરનારા ૧૩૫ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા છે (બીજી તરફ વાળ્યા છે), અને માનવતાવાદી સહાય પૂરી પાડતા ૪૨ જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે. આ અઠવાડિયે ઓમાન નજીક હુમલાનો ભોગ બનેલું ભારતીય ક્રૂ ધરાવતું આ ત્રીજું જહાજ છે.

ઇરાન પરના...

અગાઉ, ટ્રમ્પે ચેતવણી આપી હતી કે અમેરિકા ઈરાન પર શક્તિશાળી હુમલાઓનો નવો તબક્કો શરૂ કરશે અને ઈરાનના મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર 'ખાર્ગ આઈલેન્ડ' પર નિયંત્રણ મેળવવાની શક્યતા પણ દર્શાવી હતી. જો કે, સાંજ સુધીમાં આખી વાત સૈન્ય કાર્યવાહીથી હટીને કૂટનીતિ પર આવી ગઈ હતી. પ્રમુખે દાવો કર્યો હતો કે વાટાઘાટકારો કરારના માળખા અને વિગતો બંને પર વ્યાપક સહમતિ પર પહોંચ્યા છે. તેમણે લખ્યું, ચર્ચાઓ અને અંતિમ મુદ્દાઓને વૈચારિક અને વિગતવાર રીતે સામેલ તમામ પક્ષો દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં અમેરિકા, ઇઝરાયેલ, સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, તુર્કી, પાકિસ્તાન, બહેરીન, કુવૈત, જોર્ડન, ઈજિપ્ત અને અન્ય દેશોનો સમાવેશ થાય છે. જો કે ટ્રમ્પની આ જાહેરાતમાં એક ચોંકાવનારી બાબત એ હતી કે, આ વાતચીતને ઈરાનના સર્વોચ્ચ નેતૃત્વ દ્વારા મંજૂરી મળી હોવાનો દાવો કરવા છતાં, તેમણે આ કરાર પર સહી કરનારા પક્ષોની યાદીમાં ઈરાનનું નામ શામેલ કર્યું ન હતું. એવું જણાવાયું હતું કે ઈરાન સાથે કરાર પર હસ્તાક્ષર માટેની તારીખ અને સમય હવે પછી જાહેર કરવામાં આવશે. આ પહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ઈરાન પર મોટા હુમલા કરવાની અને તેના તેલ ઉદ્યોગ પર નિયંત્રણ મેળવવાની ધમકી આપી હતી, જ્યારે કે બંને દેશો વચ્ચે વધી રહેલા હુમલાઓએ મધ્ય પૂર્વને ફરીથી સંપૂર્ણ સ્તરના યુદ્ધ તરફ ધકેલી દીધું છે. આની સામે ઈરાને ગલ્ફમાં અમેરિકી થાણાઓ પર વળતા હુમલા કરવાની ચેતવણી આપી હતી. આ પહેલા ગુરુવારે સતત બીજા દિવસે બંને દેશોએ એકબીજા પર ભારે હુમલા કર્યા.

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

(હિન્દી) વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ **હોન્ટેડ** ૯.૪૫, ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૨૦, રાત્રે ૧૦.૦૦

હે જવાની તો ઈશ્ક હોના હૈ ૧૨.૧૫, ૫.૧૫, રાત્રે ૧૦.૧૫

ગવર્નર ૩.૦૦, રાત્રે ૮.૦૦

ભારત ભાગ્ય વિધાતા હિન્દી ૧૨.૪૫

બધુ ઓલરાઈટ છે ગુજરાતી ૬.૪૫

પેદ્દી ૩.૧૫, રાત્રે ૯.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007 @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com Paytm

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

કંગના રાણોતનો શ્રેષ્ઠ અભિનય **ભારત ભાગ્ય વિધાતા**
ગુજરાતી, સંપૂર્ણ મસાલા ફિલ્મ **બધુ ઓલરાઈટ છે**
હિન્દી પારિવારીક ફિલ્મ **मैं वापस आउंगा**
મનોજ બાજપાઈનો શ્રેષ્ઠ અભિનય **ગવર્નર**
(હિન્દી) વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ **હોન્ટેડ**
હે જવાની તો ઈશ્ક હોના હૈ
કૃષ્ણાવતારમ-1 હિન્દી
જીંદગી હજી બાકી છે દોસ્ત ગુજરાતી
શુભ મંગલ ધમાલ ગુજરાતી
પેદ્દી **બંદર**
ધરપકડ ગુજરાતી

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ હિન્દી થ્રીલર

હોન્ટેડ ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત એકશન થ્રીલર

પેદ્દી રામચરણ જાન્હવી કપુર કૃતિ સેનન ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૨૦

RUPAM CINEMA
એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

સુરત મહાનગરપાલિકા FIT INDIA
(Visit us at www.suratmunicipal.gov.in)
ટેન્ડર નોટીસ નં.એડી.સી.ઈ. & ઇ.ચા.સી.ઇ./ડ્રેનેજ/૦૧/૨૦૨૬-૨૭ (ઓફ લાઈન)

અ. નં.	વિભાગનું નામ	કામો ની સંખ્યા	અંદાજીત રકમ (રૂા. લાખમાં)	ટેન્ડર આપવાની તારીખ	ટેન્ડર પરત સ્વીકારવાની તારીખ	ટેન્ડર આપનાર ખાતાનું નામ	ટેન્ડર સ્વીકારનાર ખાતાનું નામ
૧	ડ્રેનેજ વિભાગ ઇલેકટ્રીકલ / મિકેનીકલ	૦૧	૧.૯૫ (+જી. એસ.ટી. સાથે)	૧૫-૦૬-૨૦૨૬ થી ૩૦-૦૬-૨૦૨૬	૧૩-૦૭-૨૦૨૬	ડ્રેનેજ	હિસાબીખાતુ

ઉપરોકત કામના કોરા ટેન્ડરો ડ્રેનેજ ખાતાની કચેરીએ (જુની ઝોન ઓફિસ, તાડવાડી, રાંદેર રોડ) ખાતેથી મળી શકશે તથા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ (www.suratmunicipal.gov.in) પર થી તેમજ ટેન્ડરની વધુ વિસ્તૃત વિગતો ડ્રેનેજ ખાતાની ઓફિસ તેમજ મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના નોટીસ બોર્ડ પરથી મળી શકશે.

નં.પી.આર.ઓ./૭૦/૨૦૨૬-૨૭ એડી.સીટી ઈજનેર (સિવિલ)
તા. ૧૧/૦૬/૨૦૨૬ અને ઈ.ચા. સીટી ઈજનેરશ્રી
સુરત મહાનગરપાલિકા

પશ્ચિમ રેલવે
પ્લેટફોર્મ એક્સટેન્શન અને પીટ લાઈન વર્કસ
સીનિયર ડીઆરએમ (સાઉથ) મુંબઈ સેન્ટ્રલ ઇ-ટેન્ડર નોટિસ નંબર: BCT/26-27/65 તા. 08.06.2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: ચર્ચગેટ - વિરાર સેક્શન: 1.દાદર- 15 કાર EMUના સમાવેશ માટે પ્લેટફોર્મ નંબર 4નું વિસ્તરણ. 2. મુંબઈ સેન્ટ્રલ (CFO યાર્ડ): સ્ટેબલિંગ લાઇન નંબર 2, 3 અને 4 ને તોડીને 2 નંગ નવી બરીની પીટ લાઇનની જોગવાઈ. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 2,26,82,911.62. EMD: રૂ.4,53,700/-. સબમિટ કરવાની તારીખ અને સમય: 03.07.2026ના રોજ 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 03.07.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0228
અમને લાઇક કરો : facebook.com/WesternRly

केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate
એઆરએમ બ્રાન્ચ મુંબઈ
કેનરા બેંક બિલ્ડિંગ, ચોથો માળ, આદિ મર્ઝબાન પથ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ - 400 001 ઇમેઇલ: cb2360@canarabank.com
ફોન - 8655948019/54 વેબ: www.canarabank.com

વેચાણ નોટિસ

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 સાથે વંચાણમાં લેતાં સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમો 8(6) અને 9.
આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને લોનધારક(કો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે, સિક્યોર્ડ ક્રેડિટર (સુરક્ષિત લેણદાર) પાસે મોર્ગેજ્ડ / ચાર્જ્ડ કરેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો કબજો કેનરા બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ બાકી લેણાંની વસૂલાત માટે " જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ"ના ધોરણે કરવામાં આવશે. અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ અથવા તે પહેલાં જમા કરાવવાની રહેશે, જે મેસર્સ PSB એલાયન્સ પ્રાઇવેટ લિમિટેડ (બેંકનેટ) પોર્ટલના ઈ-વોલેટમાં સીધી જમા કરાવીને અથવા તેમાં ચલણ જનરેટ કરીને સદર ચલણમાં દર્શાવેલ ખાતાની વિગતોમાં RTGS/NEFT દ્વારા EMD જમા કરાવી શકાશે. EMDની વિગતો અને અન્ય દસ્તાવેજો નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ અથવા તે પહેલાં સેવા પ્રદાતા (સર્વિસ પ્રોવાઈડર)ને સબમિટ કરવાના રહેશે. મિલકતોના નિરીક્ષણની તારીખ અધિકૃત અધિકારીની પૂર્વ પરવાનગી સાથે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

ક્રમ નં.	લોનધારક(કો) / જામીનદાર(રો) / ગીરો રાખનાર(રો) નું નામ	બાકી રકમ	જામીનગીરી/ઓ ની વિગતો (કબજાની સ્થિતિ)	અનામત કિંમત (R.P.) / અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)
1	મેસર્સ કવિતા ઓક્સિલરીઝ પ્રા. લિ. (લોનધારક), શ્રી વિશ્વાસ આર ગજરામલ (ડાયરેક્ટર/ જામીનદાર/ ગીરો રાખનાર), શ્રીમતી પારિજાત વિશ્વાસ ગજારમલ (ડાયરેક્ટર/ જામીનદાર/ ગીરો રાખનાર),	રૂ. ૧૨,૨૨,૭૩,૧૩૮/- (રૂપિયા બાર કરોડ બાવીસ લાખ તોતેર હજાર એકસો આડત્રીસ પૂરા) તારીખ ૦૯.૦૬.૨૦૨૬ ના રોજ સુધી, વત્તા ૧૦.૦૬.૨૦૨૬ થી આગળનું વ્યાજ અને ખર્ચ	ગાળા નં ૧૦૨, ૧ લો માળ, બી વિંગ, ઇલેક્ટ્રોનિક ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વિલેજ પિપરીયા આમલી, સિલવાસા, ૩૯૬૨૩૦ ક્ષેત્રફળ: ૮૩૪ ચોરસ ફૂટ, મેસર્સ કવિતા ટેક્સ ઓ કેમ (પ્રોપ્રાઇટર શ્રીમતી પારિજાત વી ગજારમલ) ના નામે. (સાંકેતિક કબજો)	Rs. 22,68,000/- Rs. 2,26,800/-
			ગાળા ૧૧૧ બી, ૧ લો માળ, સર્વે નં ૧૨૬પી, ઇલેક્ટ્રોનિક ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ આમલી, સિલવાસા, - ૩૯૬૨૩૦ ક્ષેત્રફળ: ૮૩૪ ચોરસ ફૂટ, વિશ્વાસ ગજરામલના નામે. (સાંકેતિક કબજો)	Rs. 22,68,000/- Rs. 2,26,800/-
			ફ્લેટ નં ૨૦૨, ૨ જો માળ, પરિશ્રમ એપાર્ટમેન્ટ બિલ્ડિંગ, પ્લોટ નં ૨, સમરવર્ણી સિલવાસા ખાનવેલ રોડ, દાદરા નગર હવેલી ૩૯૬૨૩૦ ક્ષેત્રફળ ૧૪૮૫ ચોરસ ફૂટ, વિશ્વાસ આર ગજરામલના નામે. (સાંકેતિક કબજો)	Rs. 37,87,000/- Rs. 3,78,700/-
			ફ્લેટ નં. ૨૦૧, ૨ જો માળ, પ્લોટ નં ૨, સર્વે નં ૬/૧ પી, સમરવર્ણી સિલવાસા, - 396230 ક્ષેત્રફળ ૨૦૦૦ ચોરસ ફૂટ, વિશ્વાસ આર ગજરામલના નામે. (સાંકેતિક કબજો)	Rs. 51,00,000/- Rs. 5,10,000/-
			ફ્લેટ નં. ૩૦૩ નો EMT, ૩ જો માળ, ઈ બિલ્ડિંગ, પદ્માવતી વિહાર, સર્વે નં ૧૯/૨/૨, દાદરા અને નગર હવેલી, - ૩૯૬૨૩૦ ક્ષેત્રફળ: ૧૧૫૦ ચોરસ ફૂટ સિલવાસા, વિશ્વાસ આર ગજરામલના નામે. (સાંકેતિક કબજો)	Rs. 29,33,000/- Rs. 2,93,300/-

ઈ-હરાજીની તારીખ ૩૦.૦૬.૨૦૨૬ છે અને ભાગ લેવા માટે બિડ / EMD / વિનંતી પત્ર સબમિટ કરવાની અંતિમ તારીખ ૨૯.૦૬.૨૦૨૬ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલાની છે. મિલકતોના નિરીક્ષણની તારીખ પૂર્વ એપોઇન્ટમેન્ટ સાથે. વેચાણ નોટિસ તારીખ: ૧૦.૦૬.૨૦૨૬

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને કેનરા બેંકની વેબસાઇટ (www.canarabank.com) પર આપવામાં આવેલી લિંક "E-Auction" જુઓ અથવા કોઈપણ કામકાજના દિવસે ઓફિસ સમય દરમિયાન શ્રી સુદર્શન જોશી, અધિકૃત અધિકારી, કેનરા બેંક, એઆરએમ શાખા, મુંબઈ (મોબાઈલ નં. 8655948054) અથવા શ્રીમતી કિંજલ વિશાલ પરમાર અધિકારી (મોબાઈલ નં. 7698185403), ઈ-મેઈલ આઈડી: cb2360@canarabank.com અથવા સેવા પ્રદાતા મેસર્સ PSB એલાયન્સ (BAANKNET), યુનિટ 1, 3જો માળ, VIOS કોમર્શિયલ ટાવર, વડાલા ટ્રક ટર્મિનલ પાસે, વડાલા ઈસ્ટ, મુંબઈ - 400037, સંપર્ક વ્યક્તિ શ્રી ધર્મેશ આશર મોબાઈલ 9892219848, (avp.projectmanager2@psballiance.com), હેલ્પ ડેસ્ક નં. 8291220220, (support.BAANKNET@psballiance.com), વેબસાઇટ - https://baanknet.inનો સંપર્ક કરી શકો છો.

સ્થળ: મુંબઈ સહી/- અધિકૃત અધિકારી, એઆરએમ - શાખા કેનરા બેંક

અયોધ્યાના રામ મંદિરના ભંડારમાંથી કરોડો રૂપિયા કોણ ચોરી ગયું?

અયોધ્યામાં બાંધવામાં આવેલું રામ મંદિર વિશ્વનાં કરોડો હિન્દુઓની આસ્થાનું કેન્દ્ર છે. આ રામ મંદિર બાંધવા માટે સંખ્યાબંધ ભક્તોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે અને શ્રીમંતોથી લઈને ગરીબ ભક્તો દ્વારા અબજો રૂપિયાનું દાન પણ આપવામાં આવ્યું છે. રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થયા પછી ભક્તોનો પ્રવાહ પણ નિરંતર વધી રહ્યો છે અને લાખો ભક્તો દ્વારા દાનપેટીઓમાં કરોડો રૂપિયા ઉપરાંત સોનું, ચાંદી, હીરા, માણેક, રત્નો વગેરેનું દાન પણ કરવામાં આવી રહ્યું છે. જો આ દાનપેટીઓમાંથી કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવે અને તે ચોરી કરનારાં લોકો મંદિરના વહીવટમાં ટોચના સ્થાને બેઠેલા હોય તો તે કેટલો ગંભીર અપરાધ કહેવાય? તાજેતરમાં અયોધ્યાના રામ મંદિરના ભંડારમાંથી વહીવટદારોના વિશ્વાસુ માણસો દ્વારા જ કરોડો રૂપિયાની ચોરી કરવાની માહિતી બહાર આવી છે, પણ ઉત્તર પ્રદેશની ભાજપ સરકાર આ ચોરોને જેલમાં ધકેલી દેવાને બદલે તેમને છાવરવાની કોશિશ કરી રહી હોય તેવું લાગે છે.

રામ મંદિરમાં ભંડારમાં આવતાં દાનની ગણતરી કરતી ટીમના ભૂતપૂર્વ ઇન્ચાર્જ હોવાનો દાવો કરતા મહિપાલ સિંહનું એક વીડિયો સ્ટેટમેન્ટ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે. વીડિયોમાં તેમણે વર્ણવ્યું હતું કે કેવી રીતે તેમણે બેંક અધિકારીઓની એક ટીમને બોક્સમાં નોટો મૂકતી વખતે ચોરી કરતાં પકડી હતી. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ચોરીનો આરોપ લગાવતી એક નવી પોસ્ટ સોશ્યલ મીડિયામાં વહેતી કરી છે. તેમાં તેમણે મહિપાલ સિંહના નિવેદનનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં લગભગ ૮૦-૮૫ કરોડ રૂપિયા દાનમાં આવ્યા હતા. તેમાંથી કેટલા બેન્કમાં જમા થયા અને કેટલા ચોરાઈ ગયા, તેનો પત્તો મળતો નથી. મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે તેમના સ્પષ્ટીકરણમાં ફક્ત ઓડિટનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે કોઈ સમસ્યા બહાર આવી નથી. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાને આ બાબતની તપાસ સોંપવામાં આવી હોવાના અહેવાલો પણ છે. રામ મંદિરની દાન ગણતરી ટીમના ભૂતપૂર્વ એકાઉન્ટિંગ ઓફિસર રાજસ્થાનના મહિપાલ સિંહે ગણતરી પ્રક્રિયામાં ચોંકાવનારી ગેરરીતિઓનો ખુલાસો કર્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તેમણે ખુલાસો કર્યો છે કે ગણતરી પ્રક્રિયા દરમિયાન વાઉચરમાં બોક્સમાં નોટોના ૧૦ બંડલ લખવામાં આવતા હતા, જ્યારે બેંક કર્મચારીઓએ બોક્સમાં ૧૩ બંડલ મૂક્યા હતા. જ્યારે તેમને આ વિસંગતતાનો ખ્યાલ આવ્યો ત્યારે તેમણે બોક્સમાં બંડલ તપાસ્યા અને ૧૦ ને બદલે ૧૩ બંડલ મળ્યા હતા. આ કૌભાંડ કેટલા સમયથી ચાલી રહ્યું હતું તેની તપાસ કરવા માટે તેમણે ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ગોપાલ રાવને જાણ કરી હતી. બાદમાં, અન્ય ટ્રસ્ટીએ દાન તપાસવા અને ગણતરી કરવા માટે બે વધુ લોકોને સોંપ્યા હતા. તેમણે વધુ ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે ચોંકાવનારી વાત કરી કે દાનપેટીમાં જે સોનું, ચાંદી વગેરે નીકળે તેનું કોઈ વાઉચર બનાવવામાં આવતું નથી પણ તે સીધું રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયને સોંપી દેવામાં આવે છે. મહિપાલ સિંહ દ્વારા આ ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો ત્યારે તેમની પીઠ થાબડવાને બદલે તેમને ફરજ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

ગણતરી સાથે સંકળાયેલાં સૂત્રોએ મંદિર ટ્રસ્ટ દ્વારા દાનની ગણતરી કરવા માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સંપૂર્ણ વિગતો આપી છે. રામ મંદિર સંકુલનાં ૧૫ મંદિરોમાં કુલ ૪૪ દાન પેટીઓ મૂકવામાં આવી છે. આ ઉપરાંત ટ્રસ્ટની બે કચેરીઓમાં પણ દાન જમા કરવામાં આવે છે, જ્યાં તેમને કમ્પ્યુટરાઇઝ્ડ રસીદો

ટૂંધ પોઇન્ટ
■ સંજય વોરા ■

મળે છે. બે સુરક્ષા ગાર્ડ અને આશરે આઠ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ પૈસાની ગણતરી કરવામાં આવે છે. આ ગણતરી પ્રણાલીમાં ૪૦ બેંક કર્મચારીઓ અને મંદિર ટ્રસ્ટના પાંચ અધિકૃત પ્રતિનિધિઓ સામેલ હોય છે. એવું જાણવા મળ્યું છે કે દરરોજ આશરે ૩૦ લાખ રૂપિયાની ગણતરી કરવામાં આવે છે. દર મહિને સરેરાશ ૮-૯ કરોડ રૂપિયાનું દાન એકત્રિત કરવામાં આવે છે. દાનની ગણતરી કરવાના વાતાનુકૂલિત હોલમાં નોટો છટણી કરવા માટે બે ઓટોમેટિક મશીનો લગાવવામાં આવ્યાં છે. આ મશીનો ઝડપથી ચલણી નોટોની છટણી કરી શકે છે. ત્યાર બાદ ગણતરી ટીમ નોટોને બંડલમાં મૂકે છે અને બંડલોને આઠ બોક્સમાં મૂકેલી બેગમાં સીલ કરવામાં આવે છે. ત્યાર બાદ બેંકનાં કર્મચારીઓ ક્રમિક રીતે ગણતરી કરે છે અને તેમને બેંકનાં ખાતાંમાં જમા કરાવે છે. ગણતરી ટીમનાં સભ્યોને હોલમાં પ્રવેશતાં અને બહાર નીકળતાં તપાસવામાં આવે છે. આટલી ચોકસાઈ સાથે દાનની ગણતરી થતી હોવાથી અંદરના માણસ સિવાય ચોરી થઈ શકે તેમ જ નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે ગણતરી ટીમના સભ્યોની તપાસ કરવા માટે હજુ સુધી કોઈ પોલીસ કે અન્ય તપાસ ટીમો ગણતરી હોલમાં પ્રવેશી નથી. શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દાનની ચોરીનો મામલો પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી પહોંચ્યો છે. ભાજપના નેતા રજનીશ સિંહે પ્રધાનમંત્રીને ફરિયાદ કરતો પત્ર મોકલ્યો છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી રામ મંદિર લાખો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે અને તેથી દાન, પ્રસાદ અને મંદિર વહીવટ સંબંધિત કોઈ પણ આરોપોની પારદર્શક તપાસ જરૂરી છે. જો આરોપો ખોટા હોય તો તપાસ દ્વારા સત્ય બહાર આવવું જોઈએ અને જો કોઈ ગેરરીતિ થઈ હોય તો દોષિતો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે ભક્તોની શ્રદ્ધા સર્વોપરી છે અને દરેક સ્તરે તે શ્રદ્ધા જાળવી રાખવા માટે પારદર્શિતા જરૂરી છે. પરિણામે, આ મામલો હવે રાજકીય આરોપો સુધી મર્યાદિત નથી રહ્યો, પરંતુ જવાબદારી અને પારદર્શિતાના પ્રશ્નો પણ કેન્દ્રિય બની ગયા છે.

અખિલેશ યાદવે પોતાના X એકાઉન્ટ પર ત્રીજી વખત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો છે. તેને પ્રસાદચોરી કૌભાંડ ગણાવતાં તેમણે ભાજપ સરકાર અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૧૧ પ્રશ્નો પૂછ્યા. અખિલેશ યાદવે કહ્યું કે ટ્રસ્ટીઓ શું કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે તે કોઈને સમજાતું નથી. છેતરપિંડીમાં સંડોવાયેલાં લોકોની ધરપકડના સમાચાર અખબારો અને ટી.વી. ચેનલોમાં પ્રસારિત થઈ રહ્યા છે. પોલીસ શરૂઆતમાં ચૂપ રહે છે, પરંતુ પછીથી તેનો ઇનકાર કરે છે. જનતાનો આક્રોશ જોઈને દેશભરના ભાજપના સભ્યો ગભરાઈ ગયા છે. આ બધા પાછળ કોણ છે, દેશની સનાતન આસ્થા સાથે કોણ છેડછાડ કરી રહ્યું છે? પ્રસાદચોરીનું પાપ કરનારાંઓને કોણ રક્ષણ આપી રહ્યું છે? આ ગુનામાં સામેલ લોકો કોણ છે? CCTV પુરાવા જાહેર કરવામાં શું સમસ્યા છે?

રામ મંદિરના ભંડારમાંથી ચોરીના આરોપો વચ્ચે ઉત્તર પ્રદેશ રાજ્યના ગૃહરક્ષક મંત્રી ધર્મવીર પ્રજાપતિ મંગળવારે અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે રામ મંદિર દાન ભંડોળની ચોરીના આરોપો પર સપાના વડા અખિલેશ યાદવ પર નિશાન સાધ્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે વિપક્ષો સત્તા મેળવવા માટે આવા આરોપો લગાવી રહ્યા છે. ચોરીના મામલાનું સત્ય ટૂંક સમયમાં બહાર આવશે. તેમણે અખિલેશ યાદવને અયોધ્યા આવીને વિકાસનાં કાર્ય જોવાની સલાહ આપી હતી.

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ અને વડા પ્રધાનના ભૂતપૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા સોમવારે અણધારી રીતે અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે બંધ બારણે બેઠક યોજી, જેમાં અનેક પ્રશ્નો ચર્ચાયા હતા. મિશ્રાએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે મંદિરની વ્યવસ્થા સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓ સાથે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠકને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. તેની કાર્યસૂચિ અંગે કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી ન હતી. બેઠક બાદ તેઓ મંગળવારે સવારે દિલ્હી જવા રવાના થયા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રામ મંદિરની દાન ગણતરી ટીમના ભૂતપૂર્વ એકાઉન્ટિંગ ઓફિસર રાજસ્થાનના મહિપાલ સિંહે ગણતરી પ્રક્રિયામાં ચોંકાવનારી ગેરરીતિઓનો ખુલાસો કર્યો છે

SMFG Grihashakti Navi Asha. Nava Vishwas.
એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કો. લિ.
કોર્પોરેટ ઓફિસ: 503 અને 504, 5મો માળ, G-બ્લોક, ઇન્સ્પાયર BKC, BKC મેઈન રોડ, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (ઈ), મુંબઈ - 400051.
રજિસ્ટર્ડ ઓફિસ: કોમર્ઝોન આઈટી પાર્ક, ટાવર B, 1લો માળ, નં. 111, માઉન્ટ પૂનમલ્લી રોડ, પોરુર, ચેન્નાઈ - 600116, TN

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણ માટેની 30 દિવસની ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર અને જામીનદારને નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે સૂચિબદ્ધ સ્થાવર મિલકતો ("સિક્યોર્ડ અસ્કયામતો"), જેનો કબજો એસએમએફજી ઇન્ડિયા હોમ ફાઇનાન્સ કો. લિ. (જેને આમાં હવે પછી એસએમએચએફસી તરીકે ઓળખવામાં આવશે) ("સિક્યોર્ડ ક્રેડિટર") ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ નીચે દર્શાવેલ તારીખ અને સમયે, અહીં નીચે દર્શાવેલ બાકી લેણાં અને તે મિલકત વસૂલાતની તારીખ સુધીના તેના પરના આગળના વ્યાજ અને અન્ય ખર્ચાઓની વસૂલાત માટે, નીચે દર્શાવેલ લોન લેનાર અને જામીનદાર પાસેથી એસએમએચએફસી સિક્યોર્ડ ક્રેડિટરને મળવાપાત્ર લેણાં માટે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે.

ક્રમ નં.	લોન લેનાર/ જામીનદારનું નામ,	મિલકતોનું વર્ણન	અનામત કિંમત: / અર્નેસ્ટ મની ડિપોઝિટ	તારીખ અને સમય ઈ-હરાજીની	EMD સબમિટ કરવાની તારીખ
1.	લોન નં. (Lan No.) - 607207210325093 અને 7207510353562 1. કૌશલ બી જાદવ 2. પૂનમદેવી કૌશલ જાદવ 3. ઇશુ વોચ સેન્ટર પ્રોપ્રાઇટરશિપ ફર્મ	વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સારીગામ ગામે આવેલ, મૂળ સર્વે નં. 225/2/પૈકી 1 ધરાવતા, નવા કમ્પ્યુટરાઇઝ્ડ સર્વે નં. 225/2/પૈકી 1/ પૈકી 10 વાળા, 501.67 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ નં. 10ની બિન-ખેતી (NA) જમીન પર બનેલી "આવકાર પેલેસ" તરીકે ઓળખાતી ઈમારતના બીજા માળે આવેલો રેસિડેન્શિયલ ફ્લેટ નં. 206, જેનું સુપર બિલ્ટ અપ એરિયા 590.00 ચોરસ ફૂટ અથવા 54.81 ચોરસ મીટર છે તે તમામ હિસ્સો અને ભાગ, જેની ચતુર્દિશા આ મુજબ છે - ઉત્તરે: પેસેજ, દક્ષિણે: ખુલ્લી જગ્યા, પૂર્વે: ફ્લેટ નં. 205, પશ્ચિમે: ફ્લેટ નં. 207.	Rs. 9,70,000/- / Rs. 97,000/-	21.07.2026 at 11.00 AM to 01.00 PM	20.07.2026

વેચાણની વિગતવાર શરતો અને નિયમો નીચે મુજબ છે અને આ વિગતો અમારી/સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટની નીચેની લિંક વેબ સરનામા પર પણ આપવામાં આવી છે (https://BidDeal.in અને https://www.grihashakti.com/pdf/E-Auction.pdf). ઈચ્છુક બિડર્સ આ સંપર્કો પર પણ સંપર્ક કરી શકે છે: નિકુંજ ડોંગા, મોબાઈલ નં. 9924932966, ઈ-મેઈલ: Nikunj.Donga1@grihashakti.com, અને શ્રી નિલોય ડે, મોબાઈલ નં. 8655619157, ઈ-મેઈલ: Niloy.Dey@grihashakti.com

સ્થળ: વલસાડ, ગુજરાત સહી/- અધિકૃત અધિકારી,
તારીખ: 09.06.2026 એસએમએફજી ઇન્ડિયા હોમ ફાઇનાન્સ કો. લિ.

RAJ IMPERIAL DOLBY ATMOS **INOX**
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

સત્ય ઘટના પર આધારિત કંગના રાણોતનો શાનદાર અભિનય **ભારત ભાગ્ય વિધાતા** 10.15 am, 1.00 pm, 3.45 pm, 6.40 pm, 9.25 pm

ગુજરાતી, સંપૂર્ણ મસાલા ફિલ્મ **બધુ ઓલરાઈટ છે** 11.00 am, 2.20 pm, 3.30 pm, 5.40 pm, 9.00 pm, 9.40 pm

હિન્દી પારિવારિક ફિલ્મ **मैं वापस आउंगा** ATMOS : 11.00 am, 2.25 pm, 5.50 pm, 9.15 pm, 10.00 pm

હિન્દી મનોજ બાજપાઈનો શ્રેષ્ઠ અભિનય **ગવર્નર** 9.45 am, 1.30 pm, 7.00 pm, 9.50 pm

હૈ જવાની તો ઈશ્ક હોના હૈ 10.35 am, 4.10 pm, 7.05 pm

વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ હિન્દી **હોન્ટેડ** 9.20 am, 6.55 pm

કૃષ્ણાવતારમ-1 હિન્દી 12.25 pm

બંદર બોબી દેઓલનો ખતરનાક અભિનય 12.15 pm

પેદ્દી રામચરણ જાન્હવી કપુર 3.10 pm